જન્મદિને વધામણી

ડો. પિયુષ દવે
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦

ફલક કોહિનૂર હિંગુ
મો. ૯૪૨૮૨ ૧૮૬૨૫

નરેશકુમાર કે મોદી
મો. ૯૮૨૪૧ ૧૧૬૬૭

રૂરલ ઈન્ટરનેશનલ ટેકવોન્ડો ચેમ્પીયનશીપમાં ગાંધીનગરની ટીમને ૯ ગોલ્ડ સહિત ૨૮ મેડલ

આણંદ ખાતે યોજાયેલી રૂરલ ઈન્ટરનેશનલ ટેકવોન્ડો ચેમ્પીયનશીપમાં ૬ દેશો તેમજ ભારતના વિવિધ ૨૨ રાજ્યોએ અલગ-અલગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસીએશનની ટીમે ૯ ગોલ્ડ, ૧૩ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે કુલ ૨૮ મેડલો પ્રાપ્ત કર્યા છે. ટીમના કોચ તરીકે જતીન દવે જવાબદારી સંભાળી હતી. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી તેમજ અશ્વિન પટેલે ખેલાડીઓને શુભેચ્છા પાઠવી છે.

સેક્ટર-૫ની પ્રેરણા વિદ્યાલય દ્વારા નશાબંધી સપ્તાહની ઉજવણી સંપન્ન

નશારૂપી રાવણનું દહન કરાયું : વ્યસન ન કરવા માટે શપથ લેવાયાં : રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

નશાબંધી સપ્તાહની ઉજવણી બાદ તેના પૂર્ણાહુતિ કાર્યક્રમનું આયોજન આજે પ્રેરણા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે આયોજિત એક સમારોહમાં ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, વોર્ડ નં. ૭ના કોર્પોરેટર હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા, જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, નશાબંધી-આબકારી ખાતાના આર એસ વસાવા, સબ ઈન્સ્પેક્ટર એસ આર રબારી, સી એમ પ્રજાપતિ, વી વી ગુર્જર, બી સી યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

નશાબંધી સપ્તાહની પૂર્ણાહુતિ નિમિત્તે નશારૂપી રાવણનું દહન પણ કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી મેયરે ઉપસ્થિત સૌને વ્યસન નહીં કરવા અંગે શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે માધુરીબેન પાંડે, પરાગીબેન પંડ્યા અને નીતિનભાઈ પટેલે સેવાઓ આપી હતી.

ધોરણ-૧થી ૪ના વિભાગમાં અનુક્રમે મયુર દેસાઈ, રૂદ્રેશ દેસાઈ, અંશ પ્રજાપતિ; છોકરીઓમાં તસવીર પરમાર, નંદિની કોરી, શ્વેતા મકવાણા, ધોરણ-૫થી ૮ના વિભાગમાં અનુક્રમે રૂદ્ર દવે, ઓમ વાઘેલા, ભાવેશ કટારા, છોકરીઓમાં નિધિ મિસ્ત્રી, સાદિયા શેખ, આયુષી જાની, ધોરણ-૯થી ૧૨ના વિભાગમાં અનુક્રમે પ્રિન્સ પરમાર, જય સેનમા, પ્રિગ્નેશ કોટડ, છોકરીઓમાં નેહલ વાઘેલા, અંકિતા વાઘેલા, અંજલિ કોરી વિજેતા બન્યાં હતાં. શિક્ષકોની સ્પર્ધામાં અનુક્રમે આશાબેન દેસાઈ, સરસ્વતીબેન બારોટ, મનિષાબેન ભટ્ટ વિજેતા બન્યાં હતાં.

વિજેતા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા પ્રિન્સિપાલ મનીષ ખત્રીએ વિદ્યાર્થીઓને નશાબંધી સપ્તાહ તથા નવરાત્રીની ઉજવણી બદલ બિરદાવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારદર્શન બી સી યાદવે કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ અને સ્થાનિક રહેવાસીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડાયરેક્ટ સે
ઝુમતાં નહીં આવડે તો ચાલશે
પણ ઝઝુમતાં તો શીખવું જ પડશે

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ઍમ ઍસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિઝ્યૉ
૧૨.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૩
મિઝ્યૉ
૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

સ્ક્રીન-૫
મિઝ્યૉ
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજના

વિદ્યાર્થીઓ ઓરેવા ગ્રૂપ, મોરબીની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષ નાં ૬૩ વિદ્યાર્થીઓએ મોરબી સ્થિત ઔધોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત ઓરેવા અજંતા ઓરપેટ ગ્રુપ ઓફ ઇંડસ્ટ્રીસ ઇંડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. અજન્ટા કંપની સમગ્ર વિશ્વ માં પોતા ની નામના ધરાવે છે. કંપની ની સ્થાપના ૧૯૭૧ માં જાણીતા ઉધોગપતિ ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ દ્વારા કરવા માં આવી હતી છેલ્લા ઉપ વર્ષ માં કંપની એ અનેક પ્રગતી નાં સોપાન સર કર્યા છે. જેમાં કંપની નો મુખ્ય ઉદેશ્ય મધ્યમ વર્ગ સુધી સિરામિક તેમજ ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ ગુણવત્તા સાથે વ્યાજબી ભાવે ઉપલબ્ધ થઇ શકે. તે માટે સતત કાર્યશીલ રહે છે. હાલ કંપની ૧૫ લાખ સ્ક્વેર ફૂટ જેટલું વિશાલ ઔધોગિક ગૃહ ધરાવે છે. તેમજ ૬૦૦૦ કર્મચારીઓ અહીં કાર્ય કરી રહ્યા છે. જેમાં ૯૦ ટકા કર્મચારી મહિલાઓ છે. જે કંપની ની મહિલા સશક્તિકરણ બાબતે ગંભીરતા સૂચવે છે. કંપની દ્વારા સ્ટાફ માટે "રેવા ટાઉનશીપ" નામ થી સ્ટાફ ક્વાટર્સ નું નિર્માણ પણ કરવા માં આવ્યું છે. જ્યાં કર્મચારીઓ ને સુવિધા યુક્ત જીવન જીવી શકે તેમજ કર્મચારીઓ માટે બસની સુવિધા ની વ્યવસ્થા પણ કરવા માં આવી છે. જેથી તેના કર્મચારીઓ સહેલાઈ થી આવી શકે. કંપની ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવા નથી માગતી આથી તેની મશીનરી વર્લ્ડ ક્લાસ વાપરવા માં આવે છે. જેમાં ઈટાલી થી પણ મશીનરી મંગાવવા માં આવી છે. કંપની નાં મેનેજીંગ ડીરેક્ટર પ્રવીણ ભાઈ ભાલોડીયા નાં માર્ગદશન હેઠળ સિરામિક ક્ષેત્રે ભારત નો અગ્રગણ્ય પ્રોજેક્ટ કચ્છ નાં સામખીયારી ખાતે બનાવવા માં આવ્યો છે. જે સમગ્ર રાષ્ટ્ર સ્તરે ઉત્પાદન માં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. હાલ કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે અનેક પ્રોડક્ટ બનાવવા માં આવી રહી છે. તેમજ સિરામિક ક્ષેત્રે પણ વિક્ટરીફાઈ ટાઈલ્સ નાં નિર્માણ માં તેનો સિંહ ફાળો ધરાવે છે. આમ વિદ્યાર્થીઓ ને ભારત નાં નામાંકિત ઉધોગ ગૃહ ની મુલાકાત તેમજ તેની ઝીણવટ ભરી માહિતી કંપની નાં પદાધિકારીઓ દ્વારા આપવા માં આવી હતી. કંપની નું વાર્ષિક ટર્નઓવર તેના વ્યાવસાઈક વિશાળતા ને સૂચવે છે. અત્રે ઉલ્લેખનીય છે. કે બી.બી.એ કોલેજ નાં વિદ્યાર્થીઓ દર વર્ષે રાજ્ય કક્ષા નાં મેગ્નેટ નામે મેનેજમેન્ટ પ્રદર્શન નું આયોજન કરેછે. જેમાં પણ આ ઔધોગિક મુલાકાત નો અનુભવ વિવિધ મોડેલ્સ ની રચના તેમજ મેનેજમેન્ટ નાં સિદ્ધાંતો નાં અમલીકરણ માટે યોગ્ય ઉપયોગ કરશે તેમજ તેમાં શ્રેષ્ઠ મોડેલ્સ ને કોલેજ તેમજ સમાજ ની વિવિધ સંસ્થાઓ બીરદાવશે. આમ સંસ્થા નો વિદ્યાર્થીઓ નાં સર્વાંગી વિકાસ માટે નો અભિગમ તેમજ વિદ્યાર્થીઓ ને સફળતા માટે તૈયાર કરવાની તત્પરતા થી વિદ્યાર્થીઓ તેમજ વાલીગણ દ્વારા સંસ્થા નાં પ્રયત્નો ને બિરદાવવા માં આવ્યા છે. સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ, પ્રો. આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.

વર્લ્ડ સ્પેસ વીક નિમિત્તે

વિદ્યાર્થીઓએ રોકેટ સાયન્સનું જ્ઞાન મેળવ્યું



નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વી.પી.એમ.પી. પોલિટેકનિક ખાતે રોકેટરી મોડેલ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૯

સમગ્ર વિશ્વમાં તા. ૪ થી ૧૦ ઓક્ટોબર દરમ્યાન "વર્લ્ડ સ્પેસ વિક" તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરના સે. ૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્લ્ડ સ્પેસ વીક ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં પોપ્યુલર લેકચર, મોડેલ રોકેટરી વર્કશોપ તથા ફિલ્મ શૉ નિદર્શન વગેરેનો સમાવેશ કરાયો હતો. વિશ્વ અંતરિક્ષ સપ્તાહ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સેક્ટર-૧૫માં વીપીએમપી પોલીટેકનિક કોલેજ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને અવકાશી વિજ્ઞાન અંગે રસપ્રદ માહિતી આપી હતી. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને ભારત દ્વારા અવકાશમાં તરતા મુકાયેલા ઉપગ્રહો અંગે પણ માહિતી આપી તેની કાર્યપ્રણાલી સમજાવી હતી. કાર્યક્રમમાં યોજાયેલ રોકેટરી મોડેલ્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ રોકેટના નમૂના તૈયાર કર્યા હતા. જેમાં સિંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે બનાવી રિમોટ કન્ટ્રોલના ઉપયોગનું નિદર્શન કરાયું હતું. આ સાથે રોકેટના ઉડાનની ગાણિતિક ગણતરી પણ વિદ્યાર્થીઓને શીખવાડાઈ હતી. આ કાર્યક્રમનો ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે કોલેજના પ્રોફેસર્સ હાર્દિક પટેલ, વૈશાલી મહેતા, મિત્તલ પટેલ ઉપરાંત નિસર્ગ સાયન્સના કોઓર્ડિનેટર શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અવકાશી વિજ્ઞાન સંબંધિત ફિલ્મ દર્શાવાઈ હતી.

મારા વતનમાં મને અલૌકિક સુખ પ્રાપ્ત થયું છે

સંવેદના
મારું વતન - વહાલું વતન

મારું વતન ભિલોડા, જિ. અરવલ્લી. હાથમતી નદીના કિનારે વસેલું મારું વતન ભિલોડા. બાલ્યાવસ્થામાં મિત્રો સાથે નદીમાં ભુસકા મારવાની તથા પાદરે ગિલ્લી-દંડો, લખોટી (અન્ટી) રમવાની, આંબલીના ઝાડ પર ચડી ખાટ્ટી આમલીઓ તોડવાની, આંબા પરથી કેરીઓ તોડવાની, જાંબુના ઝાડ પર ચડી જાંબુડાં તોડવાની, ખેતરોમાં ચીભડાં તોડી મીઠું મસાલા ભભરાવી એટેસથી ખાવાની યાદો શેં ભુલાય! વળી ભિલોડાની ભુલવણીમાં નાની નાની દેરીઓમાં મિત્રો સાથે સંતાકુકડી રમવાની યાદ શી રીતે ભુલી શકાય!

બાળપણમાં વિધવા મા કમરે તેડીને પ્રાથમિક શાળામાં મૂકવા જાય ત્યારે કુતૂહલવશ આજુબાજુ જોતાં બ્લૅકબૉર્ડ પર નજરે પટેલ માથે ઘાસચારાનો ભારો લઈને નાના બાળકને કમરે તેડીને ચાલતી એક ગામઠી બાઈનું ચિત્ર હાલમાં સ્મરણ પટ પર તાજું થઈ ગયું અને આવાં ને આવાં બીજાં ચિત્રો! શહીદવીરો, રાષ્ટ્રીય નેતાઓ તથા કુદરતી સૌંદર્યથી ભરપૂર ચિત્રો તો હાઈસ્કૂલના ગુજરાતી શિક્ષક લાભુભાઈ પંડ્યા સાહેબ જ દોરે!

એકવાર હાથમતી નદીમાં મિત્રો સાથે ન્હાવા માટે ગયેલો ત્યારે મોટાં બહેન શાંતાબેને મને ખૂબ જ ઠપકો આપેલો તથા આ ફરિયાદ મારા 'મા'ને કરી. તેઓ ખૂબ ગુસ્સે થયાં ત્યારે મારાં દાદીમા મારી વ્હારે આવી ગયેલાં અને બાજી સંભાળી લીધી હતી.

હું પહેલેથી જ સંવેદનશીલ હોવાથી મારાં દાદીમાના મૃત્યુથી હું ખૂબ જ ઊંડા આઘાતમાં સરી પડ્યો હતો. તે વખતે વિચારોમાં ડૂબી જતો, જન્મ-મૃત્યુના રહસ્યોનો સાર પામવા કોશિશ કરતો અને બેવાર તો ઘરેથી ભાગી ગયેલો ત્યારે મહોલ્લાના માણસો મને પકડીને ઘરે લાવેલા.

વતનથી દૂર વડોદરા મારી બદલી થઈ ત્યારે શરૂઆતમાં મકાન ભાડેથી ન મળતાં હું સૂરસાગરને કિનારે શ્રીકૃષ્ણ ગેસ્ટ હાઉસમાં રોકાયેલો. ભિલોડામાં મારાં વિધવા માની દેખરેખ માટે મારાં ધર્મપત્ની ખેમીબેન બાળકો સાથે રહેતાં. તેઓ જ્યારે વડોદરા એકાદ પોસ્ટ કાર્ડ લખતાં ત્યારે મારી આંખો ભરાઈ આવતી ને હું વતનની યાદોમાં ખોવાઈ જતો. શનિ-રવિની રજાઓ પડે એટલે વતનની વાટ પકડી લેતો ને વતનમાં મને અલૌકિક સુખ પ્રાપ્ત થતું. મારા એવા વતનને મારા શત શત પ્રણામ!

- ખેમાભાઈ આર પરમાર
સ્વાગત રેઇન ફોરેસ્ટ-૪

કચ્છના ભુજથી દસ કિમીના અંતરે આવેલ ૭૦ ખોરડાનું નદી કિનારે વસેલું ગોકળિયું ગામ હાજીપર મારું વહાલું વતન. બહારથી ગામમાં જવા માટે નદી ઉપર પચાસ ફૂટનો પાકો પુલ જે કાળા પથ્થર અને ચુનાથી બનેલો છે પરંતુ સોએક વરસનો છે એ અડીખમ હજી ઊભો છે. નદીની રેતીમાં ઊંચેથી કૂદકા મારતા અને રમતા તેમજ ચોમાસામાં વીરડા ખોદી મીઠું પાણી પીતા. પુલના એક છેડે ચાર ઓરડાની ૧થી ૭ ધોરણની શાળાનું પાકું મકાન. બાજુમાં પક્ષીઓ માટેનો ઊંચો ચબૂતરો.

પુલ પરથી ગામમાં દાખલ થઈએ એટલે મહાદેવનું મંદિર, ગામની વચ્ચે ઊંચા પડથારે આવેલ રામ ભગવાનનું મોટું મંદિર, સાંજના સમયે ત્યાં આરતી-નગારા વગાડવા પહોંચી જતા. ગામના બીજા છેડે હનુમાનની દેરી હતી. ઘણાં કુટુંબો દૂધ-છાશ માટે ગાય રાખતા. વહેલી પરોઢે ક્યારેક જાગી જઈએ તો દળણું દળવાની ઘંટીનો, વલોણાંનો તેમજ પ્રભાતિયાંનો મીઠો-મધુરો અવાજ સાંભળવા મળતો. પીવાના પાણી તેમજ બીજા વપરાશ માટે ગામની વચ્ચે કૂવો હતો. દુષ્કાળના સમય સિવાય બારે માસ તેમાંથી પાણી મળી રહેતું. વધારે મીઠાં પાણી માટે ગામની બહાર અડધા કિમીને અંતરે એક તળાવ પીવાના પાણીનું અને બીજું ન્હાવા-ધોવા માટે હતું. તેમાં તરતાં શીખતા અને ધૂબાકાય મારતા. તળાવની બાજુમાં ડુંગરા અને ટેકરીઓ હતી ત્યાં ફરવા જવાની મજા પડતી. સઘળા તહેવારો ગામલોકો સાથે મળીને ઉજવતા. નવરાત્રિના નવ દિવસ ગરબા રમવાનો આનંદ અનેરો હતો. વીજળી તો હતી નહીં. તેલના દીવા અને કેરોસિનના ફાનસ દરેક ઘરમાં રહેતા. રાત્રે નવ વાગે તો બધા સૂઈ જાય. નિશાળેથી છૂટીને સાંજના ઘરમાં દફતર રાખીને રમવા માટે દોડી જતા. સીઝન પ્રમાણે ગિલ્લી-દંડો, લખોટી, પકડદાવ, આટાપાટા વગેરે રમતા. ઉતરાણમાં હાથે પતંગ બનાવીને ચગાવતા. બહાર નોકરી-ધંધાર્થે નીકળ્યા પછી દર વર્ષે સાતમ-આઠમ અથવા દિવાળીના દિવસોમાં ત્યાં ગામડાનો આનંદ લૂંટવા પહોંચી જતા. અત્યારે પણ એ અનેરા આનંદના દિવસો યાદ આવે છે.

- લાલજી જ ટાંડુ

મહેસાણા જિલ્લાના કડી તાલુકાનું મોકાસણ ગામ એ મારું વતન. ઘટાદાર વૃક્ષો, અનાજ, કઠોળ, તેલિબીયાં જેવા ખેતીપાકોથી લહેરાતું, ચીકુ, જામફળ, આંબા, લીંબુડી જેવા બાગાયતી ખેતી પાકોથી મહેકતું મારું વહાલું વતન.

જન્મ અને પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ વતનમાં. ભણવું ઓછું ને રમવું વધારે. શાળાથી છૂટ્યા પછી ગામના પાદરે રેતાળ રસ્તાઓ અમારાં મેદાન, જેમાં સ્વદેશી રમતો - કબ્બડી, ખો, સાતેલી, માલદડી, ગિલ્લી-દંડો, કોચમણી રમતા. ઉનાળુ વૅકેશનમાં મે માસના ધગધગતા તાપમાં સમવયસ્ક મિત્રોની તોફાની ટૂકડી સાથે પાણીથી છલકાતા કૂવાઓના કાંઠા પરથી કૂવાના પાણીમાં ભૂસકા મારતા. બબ્બે કલાક સ્નાન કરતા.

મારા વતનના લોકોનો વ્યવસાય ખેતી, નોકરી, સ્વીટમાર્ટ, લેથ મશીન અને પશુપાલન, ડેરી ઉદ્યોગ. મારા પિતાશ્રી મફતલાલ ભગવાનદાસ પટેલ ગામના કેળવણીકાર, જેમણએ ૫૦ વર્ષ અગાઉ સાર્વજનિક હાઈસ્કૂલ કન્યા છાત્રાલય સાથે શરૂ કરેલી.

અત્યારે ૬૦ વર્ષની વયે પણ વતનમાં જાઉં છું ને કેરી ખાવાનો લ્હાવો લઉં છું. એમાંય કોયલે કોચેલી સાખ પાડેલી કેરી જો મળી જાય તો કેરી ખાવાનો આનંદ બેવડાઈ જાય છે! પર્યાવરણની સુરક્ષા કાજે મેં મારા વતનમાં ૫૦૦ આંબા ઉછેર્યા છે ને મારી માવજત જોઈ ખેડૂતોએ પણ આંબા ઉછેરી આવક મેળવવાનું શરૂ કર્યું છે.

કેરી જેવા મીઠા અને અદ્‌ભૂત મારા વતનને કેમ ભૂલાય!

- રમેશભાઈ મ પટેલ
ગ્રામ સેવા કેન્દ્ર, સાદરા

મારું વતન ભાવનગર છે. સર કૃષ્ણકુમારસિંહજીના સમયમાં ભાવનગર સારું એવું વિકસ્યું હતું. આખા ભાવનગરને પાણી પૂરું પાડતું ગૌરીશંકર તળાવ અહીં છે અને તખતેશ્વર મંદિરથી આખું ભાવનગર જોઈ શકાય છે. શહેર પાસે ખોડીયાર માતાનું અને રવાપરી માતાનું મંદિર આવેલું છે. અહીં લાખો ભાવિકો માનતા માટે, પૂજન માટે આવે છે.

અલંગ બંદરને લીધે ભાવનગરનો વિકાસ સારો એવો થયો છે. શિક્ષણની દૃષ્ટિએ પણ ભાવનગર ઘણું આગળ છે. અહીં વર્ષો જુની સ્કૂલ્સ છે તો અત્યાધુનિક શૈક્ષણિક સંસ્થાઓ પણ છે.

અહીંના લોકો સંસ્કૃતિપ્રિય, ધાર્મિક અને ખાણીપીણીના શોખીન છે, અહીંના ગાંઠિયાની ખ્યાતિ દેશબહાર વિસ્તરી છે. અને હા, ગામમાં એક વર્ષો જૂનું પુસ્તકાલય પણ છે, જે દર્શાવે છે કે અહીંની પ્રજા વર્ષોથી સાક્ષર ને સાહિત્યપ્રેમી હતી.

મારા સાક્ષર, સંસ્કારી વતનને મારું અઢળક વહાલ!

- જિજ્ઞાસુ રવિવદન વ્હોરા
સેક્ટર-૨૭